# <u>રાજકોટના ૫માં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, રાજકોટ</u>

**ફોજદારી કેસ નંબર :૨૯૬૦/૨૦૨૪**
**આંક :– ૪**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : દેવજીભાઈ જેસીંગભાઈ દગડા**

**ગુન્હો :– પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબ**

## <u>–:: ચુ કા દો ::–</u>

(૧) આજરોજ નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી હેઠળ યોજાવામાં આવેલ રાષ્ટ્રીય લોક અદાલત માં સદરહુ કેસ મુકવામાં આવેલ છે. આ કામે કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી/આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે.આરોપીને સી.આર.પી.સી. ની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક– ૨ મુજબ આરોપીઓની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક– ૩ થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય –/વિરૂધ્ધ/– નટવર હરચંદથી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વં ચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપીઓ કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. આરોપીઓની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ઘ્યાને લેતા આરોપીઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીઓની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ઘ્યાને લેતા, આરોપીઓને યોગ્ય રકમનો દંડ

કરવામાં આવે તથા અને તેને સુધરવાની તક આપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – :: હુકમ ::–

૧. આ કામનાં આરોપી ને **પ્રોહી ૬૬(૧)બી** મુજબ સી.આર.પી.સી. કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુન્હા સબબ આરોપી **દેવજીભાઈ જેસીંગભાઈ દગડા** નાએ રૂા. ૧૦૦/– અંકેરૂપીયા એકસો પુરાનો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું. અને તેને સુધરવાની તક આપવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. અપીલ સમય વિત્યે મુદામાલની રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ તે સિવાયના મુદામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી નાં જામીનખત તથા જાત મુચકરા રદ ગણવા.

હુકમ આજરોજ તા. ૧૪ થી માહે ડીસેમ્બર સને ૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ. ૧૪/૧૨/૨૦૨૪

(એ.પી.દવે)
**પમાં જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ**
**રાજકોટ**
**કોડ નં. જી.જે.૦૧૬૭૮**

**ફોજદારી દંકની રકમ રૂા.૧૦૦/–**

**દંડની પહોંચ નં........તા.૧૪/૧૨/૨૦૨૪**

**થી વસુલ લીધી.**

**Nazir**
**C.J.M.Court**
**Rajkot**

<u>ફોજદારી કેસ નં. - 2960 - 2024</u>

(૧) કેસ પેપર્સ ધ્યાને લીધા, તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૫ તથા પ્રોહીબીશન એકટ (ન્યુ) કલમ-૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) બી.એન.એસ.એસ. મુજબ ભારતની ફોજદારી અધિનિયમ અને બીજા કાયદા અન્વયેના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે અને કલમ-૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા બી.એન.એસ.એસ. ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

– ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી બાબતે મોટર વ્હીકલ અધિનિયમમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી. આથી, બી.એન.એસ.એસ. કલમ-૪(૨) મુજબ બી.એન.એસ.એસ. ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

– મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ ના ગુનાના ભંગ બદલ પ્રથમ ગુના માટે છ માસ સુધીની સજા અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બંને, બીજા અને ત્યાર પછીના ગુના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હજાર રૂપિયાનો દંડ અથવા બંન્ને એવી સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

– મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ કોગ્નીઝેબલ છે કે નોન-કોગ્નીઝેબલ છે તે અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ આ અધિનિયમમાં કરવામાં આવેલ નથી માટે આ ગુનો કોગ્નીઝેબલ છે કે નોન-કોગ્નીઝેબલ છે તે નકકી કરવા બી.એન.એસ.એસ. શેડયુલ-૧ના ભાગ-૨, ક્રમાંક નંબર-૩ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદૃતની કેદની અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોય તો તે નોન-કોગ્નીઝેબલ ગુનો ગણાય છે અને તેથી મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો પણ નોન-કોગ્નીઝેબલ ગુનો ગણાય.

– મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૨ માં વોંરન્ટ વગર ધરપકડ બાબતે આપવામાં આવેલ સત્તા.

**<u>Section</u>** :- **<u>202 Power to arrest without warrant.</u>**

(1) **<u>A police office in uniform</u>** may arrest without warrant any person **<u>who in his presence commits an offence</u>** punishable under section 184 or section 185 or section 197.

(૩) મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૨ માં પોલીસ ઓફિસરને વોંરન્ટ વગર ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે પણ ધરપકડ કરવાની એક માત્ર આવી સત્તા હોવાના કારણ માત્રથી આ ગુનો કોગ્નીઝેબલ ગણાય ? મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે ? પોલીસે કરેલ ચાર્જશીટને ફરીયાદ તરીકે ગણી શકાય ? આ મુદૃાઓ બાબતે અને મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫,

૨૦૨ અને ૨૦૩ ના સીધા પરિપેક્ષમાં (૧) મેહબુબ કોયા મોઈદિન વિરૂધ્ધ રાજય ૨૦૧૧ ક્રિ.લો.જ.૨૭૯૫, (૨) પોરીન્ચુ ટી.કે. વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરેલા ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૦૮૨/૨૦૧૧, (૩) સંદિપ ઈન્દ્રાવદન સાગર વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય અને બીજા ૨૦૧૩ ક્રિ.લો.જ. ૧૧૪૭, (૪) સીગ્મોન ઉર્ફે પ્રકાશ વિરૂધ્ધ કેરેલા રાજય ૨૦૧૪ ક્રિ. લો.જ.૪૬૫૭, (૫) રાની શશાંક દોષી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય (ડીવીઝન બેન્ચ) (૨૦૧૪)૧ બીઓએમસીઆર (ક્રાઈમ) ૩૩૯, (૬) પબ્લીક પ્રોસ્યુકયુટર વિરૂધ્ધ એ.વી.રમીહા ૧૯૫૮ ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૭૦૨/૨૦૧૧,(૭) પશ્ચિમ બંગાળ રાજય વિરૂધ્ધ જોગીન્દર મલીક ૧૯૭૯ ક્રિ.લો.જ.૫૪૯, (૮) નારાયણસિંહ વિરૂધ્ધ રાજય ૧૯૮૬ (૧) (ક્રાઈમસ) ૫૩૫ ના ચુકાદાઓમાં નામદાર વડી–અદાલતોએ ઉપસ્થિત થયેલા તમામ મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરી સ્પષ્ટ રીતે એવા ન્યાયીક અવલોકનો અને નિર્ણયો કરેલ છે કે, મોટર વ્હીકલ એકટની કલમ–૨૦૨ માં પોલીસને વૉરન્ટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલી છે તે બે શરતો ઉપર આધારિત છે (૧) પોલીસ ઓફીસર યુનિફોર્મમાં હોવો જોઈએ અને ધરપકડના બે કલાકમાં રજીસ્ટર મેડીકલ પ્રેકટીશનર પાસે તેને રજુ કરવો ફરજીયાત છે (૨) યુનિફોર્મમાં સજજ પોલીસ ઓફીસરની હાજરીમાં આ અધિનિયમ મુજબનો કોઈ ગુનો કરવામાં આવેલ હોય તો જ પોલીસ ઓફીસરને ધરપકડની સત્તા રહેલી છે. ધરપકડની આવી સત્તા હોવાના એક કારણ માત્રથી જ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે બી.એન.એસ.એસ. માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ સ્પષ્ટપણે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય. નોન–કોગ્નીઝેબલ ગુના બાબતે બી.એન.એસ.એસ.–૧૭૪ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની નોન–કોગ્નીઝેબલ ગુન્હામાં પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. પોલીસ ધ્વારા કરવામાં આવેલ આવા ચાર્જશીટને ફરિયાદ તરીકે પણ ટ્રીટ કરી શકાય નહી એવા સ્પષ્ટ રીતે ન્યાયીક અવલોકનો કરી નિર્ણયો કરેલ છે.

(૪) નામદાર સુપ્રિમ કોર્ટે, તીલકનગર ઈન્ડ્રીસ્ટ્રીસ લીમીટેડ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય ૨૦૧૧ (૧૫) એસ.સી.સી.૫૭૧, કેશવલાલ ઠાકુર વિરૂધ્ધ બિહાર રાજય ૧૯૯૬(૪) ક્રાઈમસ (સુપ્રિમ કોર્ટ)૧૨૧ તેમજ નામદાર હાઈકોર્ટોએ, મણીચંદ વિરૂધ્ધ રાજય ૧૯૯૯ ક્રિ.લો.જ.(દિલ્લી) ૧૫૧૨, એસ.મસ્થાન સાહેબ વિરૂધ્ધ પી.એસ.આર.અંજાને ચેલ્લુ ૨૦૦૩ ક્રિ.લો.જ.૨૪૮, અરૂણકુમાર ભાર્ગવ વિરૂધ્ધ મધ્યપ્રદેશ રાજય ૨૦૦૨ ક્રિ.લો. જ.૨૧, અવિનાશ મધુકર મુખેડકર વિરૂધ્ધ રાજય ૧૯૮૩ ક્રિ.લો.જ.૧૮૩૩, પ્રભાકર પાન્ડુરંગ સાંજગીરી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ૧૯૮૬(૧) ક્રાઈમસ (બોમ્બે)૧ ૬૮, શિવાનંદ ગીરધર નાઈક વિરૂધ્ધ સબ ઈન્સ્પેકટર પોલીસ ૨૦૦૦ ક્રિ.લો.જ.૪૭૭૬ (બોમ્બે),

મનમથાગીરી વિરૂધ્ધ ઓરિસ્સા રાજ્ય ૨૦૦૨(૧) ક્રાઈમસ ૪૬૪ ના કેસોમાં નામદાર અદાલતોએ એવા સ્પષ્ટ ન્યાયીક અવલોકનો કરેલ છે કે, બી.એન.એસ.એસ.–૧૭૪ માં કરવામાં આવેલી જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ છે આથી આ જોગવાઈનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટ નાઆધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. બી.એન.એસ.એસ.–૫૦૭(કે) મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે.

(૫) મોટર વ્હીકલ એકટની કલમ–૨૦૨ માં પોલીસને વૉરન્ટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે કોઈ અનિયંત્રિત સત્તા આપેલ નથી. આ ધરપકડની સત્તા સં જોગોને અનુરૂપ સ્પેશ્યલ કાર્યવાહી વાસ્તેજ આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયંત્રિત સત્તા હોવા માત્રથી જ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. તે નોન–કોગ્નીઝેબલ ગુનો છે જેથી તે બાબતે બી. એન.એસ.એસ. – ૧૭૪ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની યોગ્ય પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો આવી તપાસ ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ આવા ગુના સબબ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. નોન–કોગ્નીઝેબલ ગુનો હોવા છતાં પોલીસ ધ્વારા શરૂઆતથી જ જાણે કોગ્નીઝેબલ ગુનાની જેમ નોન–કોગ્નીઝેબલ ગુના બી.એન.એસ.એસ.૧૭૩ અન્વયે એફ.આઈ.આર. દાખલ કરી, કોગ્નીઝેબલ ગુનાની જ તપાસ કરી, તપાસના અં તે અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે આથી આવા ચાર્જશીટને ફરિયાદ બી.એન.એસ.એસ.–૨(એચ) તરીકે ટ્રીટ કરી શકાય નહી. <u>બી.એન.એસ.એસ.–૧૭૪ ની જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ હોવાથી તેનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકે નહી આમ છતાં જો ગુનાનું કોગ્નીઝન્સ લેવામાં આવે તો તે બી.એન.એસ.એસ. કલમ–૫૦૭(કે) મુજબની એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે</u> જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે આવા ગુનાનું કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવે તો તે એબ્યુસ ઓફ પ્રોસેસ ગણાય, હકુમત વિહીન કાર્યવાહી બને આવી કાર્યવાહી શરૂઆતથી જ નિરર્થક (**void abinitio**) ગણાય છે આવી નિરર્થક કાર્યવાહી પાછળ અદાલતનો સમય વ્યતીત કરવો ન્યાયીક રીતે પણ યથા યોગ્ય ગણી શકાય નહી. આમ, આ તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ આ કેસની કાર્યવાહી બી.એન.એસ.એસ.–૨૮૧ મુજબ બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવે છે.

**– : : <u>હુકમ</u> : :–**

(૧) આરોપી વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ – ૧૮૫ મુજબના ગુન્હાની કાર્યવાહી બી.એન.એસ.એસ.–૨૮૧ અન્વયે બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ બાબતે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે, જો વચગાળા તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે ઈન્કવાયરી કરી મુદ્દામાલ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સમયમર્યાદાની જોગવાઈને આધિન રહી અધિકૃત ઓથોરીટી બી.એન.એસ.એસ.૩૩૭(૫) મુજબ આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલતના સ્પેશીયલ સીટીંગમાં તા. ૧૪, માહે : ડીસેમ્બર, સને : ૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

રાજકોટ
તા. ૧૪/૧૨/૨૦૨૪

(એ.પી.દવે)
૫માં અધીક સિવીલ જજ તથા
**જે.એમ.એફ.સી., રાજકોટ**